# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતો માટે પ્રાથમિક કસોટી/ સ્પર્ધાત્મક પરીક્ષા અમદાવાદ/ ગાંધીનગરના વિવિધ પેટા કેન્દ્રો ખાતે યોજનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી / મુખ્ય લેખિત કસોટીના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક કસોટી / મુખ્ય લેખિત કસોટી (૪) | | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|---|
| | | | તારીખ | સમય | |
| ૧ | નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (મુખ્ય લેખિત કસોટી - સ્પર્ધાત્મક પરીક્ષા) | ૨૭/૨૦૧૬-૧૭ | (i) ૧૧-૦૩-૨૦૧૭ | બપોરે ૨:૩૦ થી ૫:૩૦ | ૨૮-૦૨-૨૦૧૭ |
| | | | (ii) ૧૨-૦૩-૨૦૧૭ | સવારે ૧૦:૦૦થી ૧:૦૦ અને બપોરે ૨:૩૦ થી ૫:૩૦ | |
| ૨ | જીલ્લા શિક્ષણ અધિકારી / જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧ | ૧૦૫/૨૦૧૬-૧૭ | ૧૨-૦૩-૨૦૧૭ | સવારે ૧૧:૦૦ થી ૧:૩૦ | ૨૮-૦૨-૨૦૧૭ |
| ૩ | ઇન્ડસ્ટ્રીયલ એન્જી.ના સહાયક પ્રાધ્યાપક, વર્ગ-૨ | ૮૪/૨૦૧૫-૧૬ | ૧૮-૦૩-૨૦૧૭ | સવારે ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૦૩-૦૩-૨૦૧૭ |
| ૪ | પાવર ઇલેક્ટ્રોનિક્સ એન્જી.ના સહાયક પ્રાધ્યાપક, વર્ગ-૨ | ૮૯/૨૦૧૫-૧૬ | ૧૮-૦૩-૨૦૧૭ | સવારે ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૦૩-૦૩-૨૦૧૭ |
| ૫ | બાયોમેડીકલ એન્જી.ના સહાયક પ્રાધ્યાપક, વર્ગ-૨ | ૯૦/૨૦૧૫-૧૬ | ૧૮-૦૩-૨૦૧૭ | બપોરે ૦૩:૦૦ થી ૦૪:૪૦ | ૦૩-૦૩-૨૦૧૭ |
| ૬ | ઓટોમોબાઇલ એન્જી.ના સહાયક પ્રાધ્યાપક, વર્ગ-૨ | ૯૩/૨૦૧૫-૧૬ | ૧૮-૦૩-૨૦૧૭ | બપોરે ૦૩:૦૦ થી ૦૪:૪૦ | ૦૩-૦૩-૨૦૧૭ |
| ૭ | મ્યુનિસિપલ એકાઉન્ટસ ઓફિસર, વર્ગ -૨ | ૬૪/૨૦૧૬-૧૭ | ૧૯-૦૩-૨૦૧૭ | સવારે ૧૧:૦૦ થી ૧:૩૦ | ૦૮-૦૩-૨૦૧૭ |
| ૮ | મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ -૨ | ૧૦૧/૨૦૧૬-૧૭ | ૨૬-૦૩-૨૦૧૭ | સવારે ૧૧:૦૦ થી ૦૧:૩૦ | ૧૦-૩-૨૦૧૭ |
| ૯ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ -૨ | ૧૦૨/૨૦૧૬-૧૭ | ૨૬-૦૩-૨૦૧૭ | સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૦૨:૦૦ થી ૦૩:૦૦ | ૧૦-૦૩-૨૦૧૭ |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને સબંધિત કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. જા.ક્ર.૨૭/૧૬-૧૭ના સંબંધિત ઉમેદવારોએ કોલમ(૫)માં દર્શાવેલ તારીખથી પરીક્ષાના દિવસે બપોરના ૧૨:૩૦ કલાક સુધીમાં ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સૂચનાઓ પરિશિષ્ટ-૧ અને ૨ ડાઉનલોડ કરવાના રહેશે. તેમજ જા.ક્ર.૬૪, ૧૦૧, ૧૦૨, ૧૦૫/૧૬-૧૭ અને ૮૪, ૮૯/૧૫-૧૬ના સંબંધિત ઉમેદવારોએ કોલમ(૫)માં દર્શાવેલ તારીખથી પરીક્ષાના દિવસે સવારના ૯:૦૦ કલાક સુધીમાં અને જા.ક્ર. ૯૦ અને ૯૩/૧૫-૧૬ના સંબંધિત ઉમેદવારોએ કોલમ(૫)માં દર્શાવેલ તારીખથી પરીક્ષાના દિવસે બપોરના ૦૧:૦૦ કલાક સુધીમાં પોતાનો પ્રવેશપત્ર, હાજરીપત્રક તથા ઉમેદવારોની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "Online" ડાઉનલોડ કરવાના રહેશે. પ્રવેશપત્ર "Online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહે છે.

૧. https://gpsc-ojas.gujarat.gov.in/ પર જવું.

૨. **Print Call Letter** પર click કરવું. **તથા જા.ક્ર.-૨૭/૨૦૧૬-૧૭ માટે Main Exam Call Letter / Form** પર click કરવું.

3. અહીં ઉમેદવારે પોતાની "Job Select" કરવી તથા "Confirmation Number" અને "Birth Date" ટાઇપ કરવાના રહેશે.

૪. હવે "Print Call Letter" પર "click" કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રક/પ્રવેશ પત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર "click" કરવાથી ઉમેદવારોની સૂચનાઓ, પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચૂક કાઢવામાં આવે તેની નોંધ લેવી.

૫. જા.ક્ર.૨૭/૨૦૧૬-૧૭ સિવાયની તમામ જાહેરાતોના ઉમેદવારોએ પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરી પત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે.

૬. જે ઉમેદવારોના ફોટા પ્રવેશપત્રક/હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઇ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસ નોંધ:-** (૧) બિન અનામત કક્ષા (જનરલ કેટેગરી)ના જે ઉમેદવારોના અરજી પત્રક કન્ફર્મ થયેલ છે પરંતુ અરજી ફી ભરેલ નથી તેવા ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. તેવા ઉમેદવારો પ્રોસેસ ચાર્જ તરીકે રૂ.૫૦૦/- આયોગની હિસાબી શાખામાં રોકડા ભરવાથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે. અથવા જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર NOT FOUND જણાતો હોય તેવા ઉમેદવારોએ આયોગની કચેરી (સરનામુ: છ-૩ સર્કલ પાસે, છ-રોડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

(૨) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ આયોગની વેબસાઈટ પર મુકવામાં આવશે. (જા.ક્ર.૨૭/૨૦૧૬-૧૭ સિવાય)

તા.૨૮-૦૨-૨૦૧૭